જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૯/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૨૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૨૩/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ ભૌમિક જગદીશકુમાર પટેલ (ઉ.વ.૪૫) (રહે. પંચરત્ન એપાર્ટમેન્ટ સન વ્યુ ટાવર સામે મેમનગર) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૬૨૮૯૬૫૨૫૮૨ ના ધારકે ભૌમિક પટેલ નાઓનો સંપર્ક કરી કુણાલ જૈન નામ જણાવી તેના માતા –પિતાને અમેરીકા અને લંડનની ટુર કરવા માટેની વાતચીત કરી તા.૦૩/૦૯/૨૦૨૬ બપોરના ૦૧/૩૦ થી ૦૨/૦૦ વાગ્યા દરમ્યાન ભૌમિક પટેલ ને વસ્ત્રાપુર આઇ.ટી.સી હોટલની બાજુમાં ધ ફર્સ્ટ બિલ્ડીંગ દેવેક્સ બીઝનેશ સ્પેશ સી ૨૦૧ ખાતે બોલાવી ભૌમિક પટેલને વિશ્વાસમાં લઇ ભૌમિક પટેલ પાસેથી અઢાર હજાર ડોલર લઇ, રોકડ રૂપિયા બાજુની ઓફિસમાંથી આપુ છું તેવો વિશ્વાસ અને ભરોસો અપાવી કેબીનમાંથી બહાર જઇ ભૌમિક પટેલના અઢાર હજાર ડોલર લઇ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ (૧) જીગ્નેશભાઇ ચંદ્રકાન્તભાઇ શાહ (ઉ.વ.૫૧)(રહે.સારંસ એમ્બીઅન્સ, પુજન ફલેટ સામે, જીવરાજ મહેતા હોસ્પીટલ, વાસણા) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૭૯૮૫૫૬૯૬૪૫ ના ધારકે પોતાના વોટ્સએપ પ્રોફાઈલ પિક્ચરમાં અદાણી ગેસ કંપનીનો લોગો પ્રોફાઇલ પિક્ચર તરીકે રાખી જીગ્નેશભાઇના વોટ્સએપ ઉપર “સાંજના નવ વાગ્યા સુધીમાં અદાણી ગેસનું બીલ ભરી Mr. MB Singh મોબાઈલ નંબર ૯૨૩૯૨૮૧૯૩૭ નાઓને ફોન કરી બિલ ભર્યા અંગેની જાણ કરો” તેવો મેસેજ કરેલ. જેથી જીગ્નેશભાઇએ પોતાના ઘરે અદાણી ગેસનું કનેક્શન હોવાથી તેમજ વોટ્સએપ પ્રોફાઈલ પિક્ચરમાં અદાણી ગેસ કંપનીનો લોગો હોવાથી વિશ્વાસ રાખી પોતાનું છેલ્લું બિલ રૂપિયા ૧૮૫૧/– ભરી બિલ ભર્યાનો મેસેજ મોકલી આપ્યા બાદ મોબાઈલ નંબર ૯૨૩૯૨૮૧૯૩૭ ના ધારકે જીગ્નેશભાઇને એક લિંક મોકલેલ. જે લિંક ઓપન કરેલ નહી તેમ છતા જીગ્નેશભાઇના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧૦,૧૨,૨૧૦/– ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ (૨) રાજવીબહેન વા/ઓ રાજેશભાઇ ગણાત્રા (ઉ.વ.૪૬)(રહે.સેલેસ્ટીયા એપાર્ટમેન્ટ, માધવપ્રાઇડ ફ્લેટની બાજુમાં શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૬ થી તા.૧૩/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૪૬૯૭૮૮૨૭૩ તથા ૮૭૦૯૭૨૦૧૮૯ અને +૧(૫૫૫)૪૨૬-૨૫૬૧ ના ધારકોએ http://www.m-parivaahan.org લિંક આધારે Mparivahan.apk નામની એપ્લિકેશન દ્વારા રાજવીબહેનના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી તેમની જાણ બહાર તેમના બેન્કના ક્રેડીટ કાર્ડ તથા તેમના બેન્ક ખાતાઓમાંથી અલગ-અલગ કુલ-૬ જેટલા ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૫,૦૨,૪૪૦/-મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.વાઘેલા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ (૩) મહેશભાઇ હિરાભાઇ પટેલ (ઉ.વ.૬૦)(રહે.મધુવૃંદ સોસાયટી ગ્રીન વીલા એપાર્ટમેન્ટ સામે કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી ફેસબુક મારફતે મહેશભાઇના ફોનમાં APK ફાઇલ મોકલી, ફોનનુ એક્સેસ મેળવી, ફોન-પે માં AutoPay ઓન કરી, તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ મહેશભાઇના બેંક ખાતાઓમાંથી કુલ ૧૨ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૬,૭૪,૯૯૬/- અલગ-અલગ બેંક ખાતાઓમાં મેળવી લઇ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર ચાદી નં.૧૩૨૪/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ભરતભાઇ માલજીભાઇ દેસાઇ (રહે. મોટો રબારીવાસ વિસતમાતાના મંદીર પાસે ગામ-ભાડજ તા-ઘાટલોડીયા) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ થી તા.૧૪/૦૯/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૨,૯૫,૮૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર ચાદી નં.૧૩૨૫/૨૦૨૬**

માધવપુરાઃ વિવેકભાઇ સ/ઓ સુરેન્દ્રભાઇ નાગોરી (રહે.વિજય ફલેટ રાજસ્થાન હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૬ રાતના ૯/૦૦ થી તા.૧૭/૦૯/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નવા માધુપુરા માર્કેટ દુકાન નંબર-ડી/૧૬ ખાતે આરોપી સાબીરઅલી હયાતઅલી શેખ (ઉ.વ.૩૨)(રહે.બોહાર વર્ધમાન પશ્ચિમ બંગાળ)નાઓને વિવેકભાઇ નાગોરી એ દાગીના બનાવવા માટે ૨૨ કેરેટનું આશરે ૨૭૦ ગ્રામ કાચુ સોનું આપેલ હતુ જેમાંથી આશરે ૧૫૦ ગ્રામ કાચુ સોનુ કિમત રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- સાબીરઅલી શેખએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.સી.ચૌહાણ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ **સમાચાર ચાદી નં.૧૩૨૬/૨૦૨૬**

નારોલઃ વાહતાભાઈ જગશીભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે.ભારતનગર સોસાયટી મેહદીકુવા શાહપુર ગેટની બહાર શાહપુર) નાઓને તા.૧૯/૦૯/૨૦૨૬ બપોરના ૦૨/૩૦ વાગ્યાના સુમારે નારોલ રાણીપુર પાટીયા આર.વી.ડેનીમ કંપનીની અંદર મોનીકશા ફેબ્રીક્સ ખાતે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઈ ગણપતભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ **સમાચાર યાદી નં.૧૩૨૭/૨૦૨૬**

વાડજઃ અતુલકુમાર બાબુલાલ રતિલાલ પાશી (ઉ.વ.૨૮) (રહે. ઠાકોર વાસ રમતુજીની ચાલી ચંન્દ્રભાગાનો ખાડો જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૯/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં લગાવેલ લોખંડની પાઇપ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

નિકોલઃ પરેભાન દાઉદયાલસિંઘ વર્મા (ઉ.વ.૨૮) (રહે. દરબાર વાસ નિકોલ ગામ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી